સેક્ટર-૬ મેઈન શોપીંગ પાછળ સંવત ૨૦૭૦ના વૈશાખ સુદ-૧૦ને શુક્રવાર ૯ મે ના રોજ માતાજીના ફુલ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. ચોસઠ આરતી તેમજ મેલડી માતાજીના ગરબા અને ફૂલજોગણી માતાના ગરબાનું આયોજન વસાહતવાસીઓ છેલ્લા ૩ વર્ષથી સફળતાપૂર્વક કરી રહ્યા છે. આ શુભ પ્રસંગો ધર્મપ્રેમી જનતાએ દર્શનનો લાભ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓપીડી પાસે લગાવવામાં આવેલ આ સ્ક્રીન હજુ કોઈ કારણસર કાર્યરત નથી. અધિકારીઓના કહેવા પ્રમાણે હજુ થોડી તકનીકી વિધિ બાકી હોવાને કારણે વિલંબ થઈ રહ્યો છે.

જાહેરમાં મહિલાની આબરુ લૂંટવાનો પ્રયાસ કરનાર શખ્સો ભૂગર્ભમાં

બાઈક પર આવતાં ચંદ્રાલાના ત્રણ શખ્સોએ છાલાથી કારમાં સવાર વહુ - દીકરીઓ સાથે ચાલુ વાહને ઠઠ્ઠા મશ્કરી શરૂ કરી હતી : ચંદ્રાલા આવતા જ મિત્રોને બોલાવી મારઝૂડ પણ કરાવી : ટોળા સામે ગુનો નોંધાયો હતો

ગાંધીનગર, તા. ૧૦

અમદાવાદ થી હિંમતનગર તરફ દીકરીને સાસરે મુકવા જઈ રહેલા પરિવારને ખુબ જ કડવો અનુભવ હાઈવે પર ધોળે દહાડે હતો. વહુ-દીકરીઓને કારમાં બેસાડીને પરિવાર એક ગાડીમાં હાઈવે પરથી પસાર થઈ રહ્યું હતું ત્યારે રસ્તામાં ચંદ્રાલા પાસે ગાડી રોકાવીને યુવાન ટોળાએ મારામારી કરી વહુ-દીકરીઓની જાહેરમાં આબરુ લુંટવાનો -યાસ કરીને આખું ટોળું પલાયન થઇ ગયું હતું. ચિલોડા પોલીસે રાયોટીગ અને લાજ લુંટવાનો -યાસ અંગેનો ગુનો દાખલ કરીને ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી. હજુ પણ આ આખું ટોળું ભૂગર્ભમાં ઉતરી ગયું છે. ગામ છોડીને ભાગી ગયા હોવાનું પોલીસનું કહેવું છે.

અમદાવાદના ઓઢવ વિસ્તારના રાજેન્દ્રસિંહ તેમની પરિણીત દીકરીને સાસરે મુકવા હિંમતનગર તરફ જઈ રહ્યા હતા. તેમની કારમાં સાથે તેમની પત્ની, દીકરો અને પુત્રવધુ પણ હતી. ચિલોડા- હિંમતનગર હાઈવે પરથી તેઓ કારમાં પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન છાલા પાસે એક બાઈક પર ત્રણ સવારી જતા યુવાનોની વાસનાભરી નજર કારમાં બેસેલી વહુ-દીકરીઓ પર પડી ગઈ હતી. ત્યાં જ તે નરાધમોએ ઠઠા મશ્કરી શરુ કરી દેતા રાજેન્દ્રસિંહએ તેમણે ટોક્યા હતા પરંતુ ત્રણેય માન્યા ન હતા. ગાડીનો છાલાથી ચંદ્રાલા સુધી પીછો કર્યા બાદ ચંદ્રાલા પેટ્રોલ પંપ પાસે બાઈક વડે કાર આંતરીને ઉભી કરાવી દીધી હતી. આ શખ્સો પણ ચંદ્રાલાના જ હતા. ત્યાં બેસેલા બીજા મિત્રોને બુમો પાડીને બોલાવી લઈ રાજેન્દ્રસિંહ અને તેમના દીકરા બંનેની સાથે મારઝૂડ શરુ કરાવી દીધી હતી અને બીજી તરફ જાહેરમાં આ ટોળા દ્વારા પેટ્રોલ પંપ સામે જ વહુ-દીકરીઓ ની આબરુ લુંટવાનો -યાસ ચાલી રહ્યો હતો. તેમની સાથે થયેલી ઝપાઝપીમાં દાગીના પણ પડી ગયા હતા અને રાજેન્દ્રસિંહ ની દીકરીના હાથે મચકોડ પણ આવી ગયો હતો. ઈજાગ્રસ્ત પરિવારના સભ્યોને છાલા સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. બીજી તરફ જાહેરમાં મારઝૂડ કરીને આબરુ લેવાનો -યાસ કરનાર ટોળું આખું ફરાર થઈ ગયું હતું. રાજેન્દ્રસિંહ ની ફરિયાદ લઈ ચિલોડા પોલીસે ૧૩ થી ૧૪ જણાના ટોળા સામે ગુનો નોંધી તપાસ શરુ કરી હતી. જો કે આ શખ્સો હજુ મળી આવ્યા નથી. ટોળું આખું અન્ડર ગ્રાઉન્ડ થઈ ગયું છે. પોલીસના જણાવ્યામુજબ આ આખું ટોળું ગામ છોડીને ભાગી ગયું છે.

લીમ્બડીયા પાસે બાવળના ઝાડની ડાળી પર લટકી જઈ પ્રૌઢ વેપારીનો આપઘાત

કુબેરનગરના વેપારી ગઈ રાતથી લાપતા હતા : સ્યુસાઈડ નોટ મળી આવી

ગાંધીનગર, તા. ૧૦

અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં રહેતા અને હોઝીયરીના વેપાર સાથે સંકળાયેલા ૌઢ વયના વેપારીએ ગાંધીનગર નજીક આવેલા લીંબડીયા કેનાલની પાસે એક બાવળના ઝાડની ડાળી પર નાયલોન દોરી બાંધીને ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. આપઘાતનું કારણ હજુ બહાર આવી શક્યું નથી પરંતુ મૃતદેહ પાસેથી સ્યુસાઈડ નોટ પણ મળી આવી છે. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી સ્યુસાઈડ નોટ કબ્જે લઈ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર નજીક આવેલા લીંબડીયા નર્મદા કેનાલની પાસે સ્થિત ઝાડીઓમાં એક આધેડનો લટકતો મૃતદેહ આજે બપોરના અરસામાં મળી આવ્યો હતો. ડભોડા પોલીસને ઘટનાની જાણ થતા ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. તપાસ કરતા અમદાવાદના કાલુપુર વિસ્તારમાં રહેતા અને હોઝીયારીના વ્યવસાય સાથે સંકળાયેલા ૫૭ વર્ષીય રામચન્દ્ર છગનલાલ ભાવસાર નો મૃતદેહ હોવાનું બહાર આવ્યું હતું. પરિવારજનો ને જાણ કરીને બોલાવી લેવામાં આવતા સ્વજનો આવી પહોંચ્યા હતા. ગઈ કાલ રાત થી ઘરેથી ગાયબ હોવાનું તેમના પુત્રએ પોલીસને જણાવ્યું હતું. મૃતદેહ પાસેથી એક પૂંઠા પર લખેલી મરણ ચીઠી મળી આવી છે. જેમાં લખ્યું છે કે મારા મોત પાછળ ઘરના કોઈ જ નહિ પરંતુ હું જ છુ. પોલીસે સ્યુસાઈડ નોટ જપ્ત કરીને વધુ તપાસ આરંભી છે.

શ્રી ભોજલરામ બાપાની ૨૨૯મી જન્મ જયંતિએ મફત રોગ નિદાન કેમ્પનું આયોજન

સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ અને જીસીએસ મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ દ્વારા ૧૪મી મે એ સે. ૭ની પટેલ સમાજવાડી ખાતે આયોજન

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ અને અમદાવાદની જીસીએમ મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે સદ્‌ગરૂ શ્રી ભોજલરામ બાપાની ૨૨૯મી જન્મજયંતિ નિમિત્તે તા. ૧૪મી મે, બુધવારે મફત નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિદાન કેમ્પ સે. ૭-સી ખાતે આવેલ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા સુધી યોજાશે.

આ મફત રોગ નિદાન કેમ્પમાં તાવ, મેલેરીયા, ટાઈફોઈડ, કમળો, ડેન્ગ્યુ, મરડો ઉપરાંત ડાયાબીટીસ, લોહીમાં ચરબીનું પ્રમાણ, બી.પી., થાઈરોઈડ, દમ, ઝાડા-ઉલટી, બાળકોના રોગો, હાડકા, સાંધા, મણકાની સમસ્યાઓ, વા, ફ્રેક્ચર, ઘુંટણ અને સાંધાનું રિપ્લેસમેન્ટ તેમજ દાંતના રોગોનું નિદાન કરી આપવામાં આવશે. આ કેમ્પમાં ફીઝીશીયન, બાળરોગ નિષ્ણાંત, ઓર્થોપેડીક નિષ્ણાંત, ડેન્ટીસ્ટ અને મેડીસીન નિષ્ણાંત તેમની સેવાઓ આપશે. આ કેમ્પમાં નિદાન બાદ જરૂરી સર્જરી અને સારવાર જીસીએસ હોસ્પિટલમાં રાહત દરે કરી આપવામાં આવનાર છે.

આ ઉપરાંત આ નિદાન કેમ્પમાં માનસીક રોગો, સર્જરી, ટી.બી. અને શ્વાસના રોગો, ગાયનેકોલોજીસ્ટ, સ્કીન અને ડર્મેટોલોજી, કાન નાક ગળાના નિષ્ણાત, આંખના રોગો અંગે પણ મફત નિદાન કરી આપવામાં આવશે. ગાંધીનગરની જાહેર જનતાને આ મફત નિદાન કેમ્પનો લાભ લેવા આમંત્રણ અપાયું છે.

ઉમિયા માતાજી સંસ્થાન ખાતે મંગળવારે પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સેક્ટર-૧૨ ખાતે આવેલ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ખાતે તા. ૧૩મી મે મંગળવારે ઉમિયા માતાજીનો પાટોત્સવ યોજાશે. આ પાટોત્સવ સવારે ૮ થી સાંજના ૭ વાગ્યા સુધી ધાર્મિક યજ્ઞ અને વિધિપૂર્વક યોજવામાં આવશે. આ પ્રસંગે મહેમાનો અને દાતાઓનો સન્માન સમારંભ પણ યોજવામાં આવશે. આ ઉપરાંત તા. ૧૦મી મે થી તા. ૧૧મી મે દરમ્યાન રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ માટે નિઃશુલ્ક કારકિર્દી માર્ગદર્શન મેળાનું પણ આયોજન ઉમિયા સંસ્થાન ખાતે કરવામાં આવ્યું છે. સવારે ૧૦ થી રાત્રે ૮ વાગ્યા સુધી ચાલનાર આ મેળામાં શૈક્ષણિક પ્રગતિ અને જીવનલક્ષી સફળતા માટેની માહિતી આપવામાં આવશે.

રોટરી ક્લબ દ્વારા આયોજિત કારકિર્દી મેળો ફ્યુચ્યુરા-૨૦૧૪નો પ્રારંભ

શૈક્ષણિક નિષ્ણાંતો દ્વારા વિદ્યાર્થી-વાલીઓનું માર્ગદર્શન કરવા સંવાદો યોજાયા : વિવિધ સંસ્થાઓના સ્ટોલ પર તેમના દ્વારા ચલાવાતા કોર્સીસની માહિતી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરની રોટરી ક્લબ દ્વારા ફ્યુચ્યુરા-૨૦૧૪ માં પ્રથમ દિવસથી

વિદ્યાર્થીઓ અને વાલીઓને શૈક્ષણિક પ્રગતિ અને જીવનલક્ષી કારકિર્દી અંગે માર્ગદર્શન આપતો કારકિર્દી મેળો 'ફ્યુચ્યુરા-૨૦૧૪' યોજવામાં આવ્યો છે. આ કારકિર્દી મેળો સેક્ટર-૧૨માં આવેલા ઉમિયા માતાજી સંસ્થાન ખાતે આવેલ ઉમા સમાજ ભવનમાં સવારે ૧૦થીરાત્રે ૮ વાગ્યા દરમ્યાન યોજવામાં આવ્યો છે. આ મેળાને પ્રથમ દિવસે જ ખૂબ સારો પ્રતિસાદ સાંપડ્યો હતો.

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા આયોજીત કારકિર્દી મેળો યુપીએસસી, જીપીએસસી પરીક્ષાના ટ્રેઈનર વેદાંત જોષી, ગુજરાત પાવર એન્જીનીયરીંગ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટના ડૉ. અક્ષય મહેતા, ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડીયાના સી.એ. રાકેશ પારેખ તેમજ ઈન્સ્ટીટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડીયાના સીએ ચેતન પટેલે વિદ્યાર્થીઓ અને વાલીઓને કારકિર્દી ઘડતર અંગે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું. આ મેળામાં વિવિધ

સંસ્થાઓ જેવી કે કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગણપત યુનિવર્સિટી, સ્ટ્રોમ, એનઆઈ એફટી, સેન્ટ્રલ યુનિવર્સિટી, એરેના એનિમેશન, ટેક એન્ડ ટીચ, આલ્ફા કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી, ગુજરાત પાવર એન્જીનીયરીંગ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ તેમજ ગુજરાત વિદ્યાપીઠ ઉપરાંત અનેક સંસ્થાઓએ તેમના સ્ટોલ્સ ઉભા કર્યા છે. જેમાં તેઓ તેમની સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા વિવિધ કારકિર્દીલક્ષી કોર્સીસની માહિતી આપી રહ્યા છે.

આ કારકિર્દી મેળામાં એક પુસ્તકના સ્ટોલ પર વિવિધ સાહિત્યિક, જ્ઞાન વર્ધક, બાળ

સાહિત્ય અને જીવન-ધર્મ વિષયક પુસ્તકો ૫૦ ટકા ડીસ્કાઉન્ટથી વેચવામાં આવી રહ્યા છે. આ મેળામાં ગુજરાત વિદ્યાપીઠના રાંધેજા કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓએ હાથે બનાવેલ ચીજવસ્તુઓ જેવી કે ગ્રીટીંગ્સ કાર્ડ, મોબાઈલ, હોલ્ડર, કવર, બગલ થેલા, પર્સ, ટેબલ સજાવટ, પેન સ્ટેન્ડ, કી-હોલ્ડર તેમજ વોલપીસ વગેરેનું પણ વિતરણ કરવામાં આવી રહ્યું છે.

વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર અંગે યોગ્ય નિર્ણય લેવામાં મદદરૂપ થવાના આશયથી યોજવામાં આવેલ આ કારકિર્દી મેળામાં આવતીકાલે રવિવારે સવારના સેશનમાં સ્ટોર્મ ઈન્સ્ટીટ્યુટના કલ્પેશ બ્રહ્મભટ્ટ, વાઘબકરી ગ્રૂપના જીગ્નેશ શાહ, કડી કેમ્પસના ડૉ. ભાવિન પંડ્યા, નિફ્ટના ડૉ. કૃતિ ધોળકિયા વગેરે તેમના પ્રવચન આપશે. આ ઉપરાંત સાંજના સેશનમાં સેન્ટ્રલ યુનિવર્સિટીના ડૉ. આલોક ગુપ્તા, ઓરેના એનિમેશનના સંગીતા મેહેરચંદાની અને પુરી ફાઉન્ડેશનના અશ્વિન પુરી પણ તેમના પ્રવચન દ્વારા માર્ગદર્શન કરશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૦૫

તાપમાન

મહત્તમ : ૩૯.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૩૨ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
મીલીઓન ડૉલર આર્મ : ૧૨.૦૦, ૨.૩૦, ૭.૩૦, ૧૦.૦૦
સ્પાઈડરમેન-૨ (ડી-અંગ્રેજી) : ૪.૪૫

: સ્ક્રીન-૨ :
મસ્તરમ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૪.૩૦
યે હૈ બકરાપુર : ૪.૩૦
૨ સ્ટેટસ્ વન લવ : ૭.૧૫
કોયેલાનચલ: ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
હવાહવાઈ : ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૩૦, ૧૦.૧૫
કોયેલાનચલ: ૪.૪૫, ૭.૩૦

: સ્ક્રીન-૪ :
હવાહવાઈ : ૨.૩૦
કોયેલાનચલ : ૫.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૭.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મીલીઓન ડૉલર આર્મ(અંગ્રેજી) :
૯.૩૦,૨.૧૦,૨.૫૦,૫.૩૦,૭.૪૫, ૧૦.૨૫

: સ્ક્રીન-૨ :
સ્પાઈડરમેન-૨ ડી (હિન્દી) : ૯.૪૫,૧૨.૪૫,૪.૦૦,૧૦.૧૫
૨ સ્ટેટસ : ૭.૦૦

: સ્ક્રીન-૩ :
હવાહવાઈ: ૯.૧૫, ૧૧.૫૦,૨.૨૫, ૫.૦૦, ૭.૩૫, ૧૦.૧૦

: સ્ક્રીન-૪ :
મસ્તરામ : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૮.૩૦, ૧૦.૪૫
૨ સ્ટેટસ્ : ૫.૧૫

સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રેમને અર્પણ મારી જીંદગી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
કોયલાનચલ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૦૦
હવાહવાઈ : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૨ :
સ્પાઈડર મેન-૨ : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
કોયલાનચલ : ૭.૧૫

: સ્ક્રીન-૩ :
હવાહવાઈ : ૧૦.૦૦, ૫.૩૦, ૧૦.૦૦
મસ્તરામ : ૧૨.૩૦, ૮.૦૦

આપની આજ

મેષ : માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

વૃષભ : માન- સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર-વ્યવસાય સારો ચાલશે.

મિથુન : આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે.

કર્ક : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે.

સિંહ : સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

કન્યા : મહત્વાકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

તુલા : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

વૃશ્ચિક : પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

ધન : વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્યપૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

મકર : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે.

કુંભ : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

મીન : નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

ચિરવિદાય

- સ્વ. અરવિંદભાઈ નાથાભાઈ પટેલ (ઉ.વ. ૫૫) મુ.પો.આલમપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જીવીબેન લક્ષ્મણજી ઠાકોર (ઉ.વ. ૫૪) મુ.પો. ઉવારસદ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મોહનભાઈ ગોબરભાઈ મકવાણા (ઉ.વ. ૭૭) પ્લોટ નં. ૧૭૧, આનંદનગર, સેકટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. જેનાજી મથુરજી સોલંકી (ઉ.વ. ૭૦) આનંદપુરા, મુ.પો.ડભોડા, તા., જિ. ગાંધીનગર.